Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

109

# ઉજ્જવલા યોજના અને સખી વન સ્ટોપ સેન્ટર યોજનાનાં લભાર્થીઓનું આવક અને ખર્ચનું વિશ્લેષણ

**કણસાગરા ફાલ્ગુની પરસોત્તમભાઈ**
સંશોધન વિદ્વાન,
અર્થશાસ્ત્ર વિભાગ, ગોવિંદ ગુરુ યુનિવર્સિટી

**ડો.ઘનશ્યામભાઈ વી.જોગરાણા**
એસોસિયેટ પ્રોફેસર અને હેડ,
અર્થશાસ્ત્ર વિભાગ, શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ

**પ્રસ્તાવના:**

સરકારી યોજનાઓ માત્ર સરકારી રીતે અમલ કરવાના બદલે તેમાં જનમતને મહત્વ આપીને જનભાગીદારીથી સરકારી યોજનાઓ કાર્યાન્વિત કરીને તેનો સફળતાપૂર્વક અમલ કરી ગુજરાતે એક ભગીરથ કાર્ય કરી બતાવ્યું છે. યોજનાઓમાં જન-જનની લોકભાગીદારી કરી વિકાસના મીઠા ફળ સામાન્યજન સુધી પહોંચતા કર્યા છે. ગુજરાતના સ્તરને આજે કોઈ નકારી શકે તેમ નથી. ગુજરાતે સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. તેમાં મહિલા વિકાસ માટેની પણ યોજનાઓ છે. આ મહિલા યોજનાઓના લાભથી મહિલાઓના

કાર્યમાં વિકાસ અને પ્રગતિમાં સામાજીક તેમજ આર્થિક પ્રગતિમાં તેમના આત્મવિશ્વાસ અને સ્વનિર્ભરતા વગેરેનાં મહિલામાં તેની અસરકારકતા કેવી છે? તે જણાવાના હેતુથી સંશોધકે આ સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવ્યું છે.

**સંદર્ભ સાહિત્યની સમીક્ષા:**

1. Diwan Ritu (1999). "Gender implications of the new economic policy." Women studies international from volum 22, No.-4, pg. 425 to 429.

શ્રીમાન દીવાનનું સંશોધન જાતિ-આધારિત રોજગારની અસમાનતાના મુદ્દા પર ધ્યાન આપે છે, ખાસ કરીને ભારતના કાર્યબળમાં મહિલાઓની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમના તારણો મુજબ, મહિલાઓ મુખ્યત્વે આરક્ષિત ક્ષેત્રો જેમ કે ખાદ્ય પુરવઠા અને નિકાસ ઉદ્યોગોમાં નોકરી કરે છે. આ અભ્યાસ દર્શાવે છે કે કેવી રીતે મહિલાઓ આ ક્ષેત્રોમાં સંગઠનના અભાવને કારણે અપ્રમાણસર રીતે પ્રભાવિત થાય છે, જે ટેક્નોલોજીની રજૂઆતને આભારી છે. વધુમાં, તે સ્પષ્ટ છે કે ભારતમાં અવ્યવસ્થિત કામદારોનો નોંધપાત્ર હિસ્સો સ્ત્રીઓ છે.

2. Panakaje, N. (2023). Effectiveness of Government Schemes in Transforming Religious Minorities: A Review. *International Journal of Case Studies in Business, IT and Education (IJCSBE)*

પનકજે, એન. દ્વારા ધાર્મિક લઘુમતીઓના પરિવર્તનમાં સરકારી યોજનાઓની અસરકારકતા: એક સમીક્ષા. સરકારે લઘુમતીઓ અને ઓછા નસીબદાર અને આર્થિક રીતે વંચિત લોકો સહિત તમામ સામાજિક વર્ગોના કલ્યાણ અને પ્રગતિને પ્રોત્સાહન આપવાના હેતુથી ઘણા કાર્યક્રમો મૂક્યા છે. છ અધિકૃત રીતે નિયુક્ત લઘુમતી સમુદાયો-ખ્રિસ્તીઓ, શીખો,

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

બૌદ્ધ, મુસ્લિમો, પારસીઓ અને જૈનો-તેમને સામાજિક-આર્થિક અને શૈક્ષણિક રીતે સશક્તિકરણ કરવાના ઉદ્દેશ્ય સાથે લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા અમલમાં મૂકાયેલા કાર્યક્રમો અને યોજનાઓનું કેન્દ્રબિંદુ પણ છે. લઘુમતી સશક્તિકરણને અસર કરતા તત્વોને ઓળખવા અને સંશોધનના અંતરને ઓળખવા માટે, ધાર્મિક લઘુમતીઓના સશક્તિકરણ માટેની સરકારી યોજનાઓ વિશેના સાહિત્યના મુખ્ય ભાગનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

**અભ્યાસના હેતુઓ:**

1. ઉજ્જવલા યોજના અને સખી વન સ્ટોપ સેન્ટર યોજનાનાં લભાર્થીઓનું આવકનો અભ્યાસ કરવો
2. ઉજ્જવલા યોજના અને સખી વન સ્ટોપ સેન્ટર યોજનાનાં લભાર્થીઓનું ખર્ચનો અભ્યાસ કરવો

**અભ્યાસની પદ્ધતિ**

આ સંશોધન અભ્યાસમાં સંશોધકે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિની પસંદગી કરવામાં આવી છે તેમજ વર્ણનાત્મક સંશોધનની પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પ્રકારની પદ્ધતિ પસંદ કરવામાં આવી છે.

**અભ્યાસનું વ્યાપવિશ્વ અને નિદર્શ**

આ અભ્યાસમાં ગુજરાત રાજ્યના રાજકોટ જિલ્લાને વ્યાપવિશ્વ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ અભ્યાસમાં પસંદ કરવામાં આવેલી યોજનામાં ઉજ્જવલા યોજનાનાં લાભાર્થીઓ 40593 છે, જ્યારે કુવરબાઈ મામેરું યોજનાના લાભાર્થીઓની સંખ્યા 1043 છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

આ સંશોધન અભ્યાસમાં વિવિધ વર્ગ, વિવિધ વયજૂથ, વિવિધ વિસ્તાર (ગ્રામીણ-શહેરી) વગેરેને ધ્યાનમાં રાખી 6 તાલુકામાંથી કુલ 600 મહિલાઓને વ્યાપવિશ્વના નમુના તરીકે પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યા છે.

**ઉજ્જવલા યોજનાનાં લાભાર્થીઓની આવક અને ખર્ચ:**


➢ **ઉત્તરદાતાની કુટુંબની માસિક આવક રૂપિયામાં વિગત**

ઉત્તરદાતાની કુટુંબની માસિક આવક રૂપિયામાં દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | ઉત્તરદાતાઓની સંખ્યા | ટકાવારી પ્રમાણ |
|---|---|---|---|
| 1 | < 15,000 | 76 | 25.33 |
| 2 | 15,000 થી 25,000 | 109 | 36.33 |
| 3 | 25001 થી 35,000 | 68 | 22.67 |
| 4 | 35,000 થી વધુ | 47 | 15.67 |
| કુલ | | 300 | 100 |

સ્ત્રોત:પ્રાથમિક માહિતીના આધારે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar




**અર્થઘટન:**

ઉપરોક્ત કોષ્ટક માં ઉત્તરદાતાના કુટુંબની માસિક આવક ની વિગત રૂપિયામાં દર્શાવવામાં આવી છે. જેમાં 15000 કરતા ઓછી માસિક આવક ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા 76 જેટલી છે, જે ટકાવારી પ્રમાણે 25.33% છે. 15000 થી 25000 જેટલી માસિક કૌટુંબિક આવક ધરાવતા હોય તેવા ઉતરતાઓની સંખ્યા 109 છે, જે ટકાવારી પ્રમાણ 36.33% છે. 25,000 થી 35,000 જેટલી માસિક આવક ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા 68 છે, જે ટકાવારી પ્રમાણમા 22.67 % છે. જ્યારે 35000 કરતાં વધુ માસિક આવક ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા 47 છે, જે ટકાવારી પ્રમાણ 15.67 % છે.


Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

➢ ઉત્તરદાતાની કુટુંબનો માસિક ખર્ચ રૂપિયામાં વિગત

ઉત્તરદાતાની કુટુંબનો માસિક ખર્ચ રૂપિયામાં દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | ઉત્તરદાતાઓની સંખ્યા | ટકાવારી પ્રમાણ |
|---|---|---|---|
| 1 | < 5000 | 65 | 21.67 |
| 2 | 5001 થી 7000 | 119 | 39.67 |
| 3 | 7001 થી 10,000 | 82 | 27.33 |
| 4 | 10,000 થી વધુ | 34 | 11.33 |
| કુલ | | 300 | 100 |

સ્ત્રોત:પ્રાથમિક માહિતીના આધારે



**અર્થઘટન:**

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાના કુટુંબનો માસિક ખર્ચનું પ્રમાણ રૂપિયામાં દર્શાવવામાં આવેલ છે. જેમાં 5000 કરતાં ઓછું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉતરતાઓની સંખ્યા 65 જેટલી છે, જે ટકાવારીમાં 67 % જેટલી થાય છે. 5000 થી 7000 જેટલું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા 119 છે, જે ટકાવારીમાં 39.67 % છે. 7000 થી 10000 જેટલું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉતરતાઓની સંખ્યા 82 છે, જે ટકાવારી પ્રમાણ 27.33% છે. જ્યારે 10,000 થી વધુ રૂપિયાનું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા 34 છે, જેનું ટકાવારી પ્રમાણે 11.33 % છે.

**સખી વન સ્ટોપ સેન્ટર યોજનાનાં લાભાર્થીઓની આવક અને ખર્ચ:**


➢ **ઉત્તરદાતાની કુટુંબની માસિક આવક રૂપિયામાં વિગત**

ઉત્તરદાતાની કુટુંબની માસિક આવક રૂપિયામાં વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | ઉત્તરદાતાઓની સંખ્યા | ટકાવારી પ્રમાણ |
|---|---|---|---|
| 1 | < 15,000 | 65 | 21.67 |
| 2 | 15,000 થી 25,000 | 119 | 39.67 |
| 3 | 25001 થી 35,000 | 49 | 16.33 |
| 4 | 35,000 થી વધુ | 67 | 22.33 |
| કુલ | | 300 | 100 |

સ્રોત:પ્રાથમિક માહિતીના આધારે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar




**અર્થઘટન:**

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાના કુટુંબની માસિક આવકની વિગત રૂપિયામાં દર્શાવવામાં આવી છે. જેમાં 15000 કરતા ઓછી માસિક આવક ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા 65 જેટલી છે, જે ટકાવારી પ્રમાણે 21.67% છે. 15000 થી 25000 જેટલી માસિક કૌટુંબિક આવક ધરાવતા હોય તેવા ઉતરતાઓની સંખ્યા 119 છે, જે ટકાવારી પ્રમાણ 39.67 % છે. 25,000 થી 35,000 જેટલી માસિક આવક ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા 49 છે, જે ટકાવારી પ્રમાણમા 16.33 % છે. જ્યારે 35000 કરતાં વધુ માસિક આવક ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા 67 છે, જે ટકાવારી પ્રમાણ 22.33 % છે.


Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

➢ ઉત્તરદાતાની કુટુંબનો માસિક ખર્ચ રૂપિયામાં વિગત

ઉત્તરદાતાની કુટુંબનો માસિક ખર્ચ રૂપિયામાં વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | ઉત્તરદાતાઓની સંખ્યા | ટકાવારી પ્રમાણ |
|---|---|---|---|
| 1 | < 5000 | 68 | 22.67 |
| 2 | 5001 થી 7000 | 114 | 38.00 |
| 3 | 7001 થી 10,000 | 65 | 21.66 |
| 4 | 10,000 થી વધુ | 53 | 17.67 |
| કુલ | | 300 | 100 |

સ્ત્રોત:પ્રાથમિક માહિતીના આધારે



**અર્થઘટન:**

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાના કુટુંબનો માસિક ખર્ચનું પ્રમાણ રૂપિયામાં દર્શાવવામાં આવેલ છે. જેમાં 5000 કરતાં ઓછું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉતરતાઓની સંખ્યા 68 જેટલી છે, જે ટકાવારીમાં 22.67 % જેટલી થાય છે. 5000 થી 7000 જેટલું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા 114 છે, જે ટકાવારીમાં 38 % છે. 7000 થી 10000 જેટલું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉત્તરતાઓની સંખ્યા 65 છે, જે ટકાવારી પ્રમાણ 21.66 % છે. જ્યારે 10,000 થી વધુ રૂપિયાનું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા 53 છે, જેનું ટકાવારી પ્રમાણે 17.67 % છે.

**આવક અને ખર્ચનું વિશ્લેષણના તારણો:**

ઉજ્જવલા યોજનાનો લાભ જે લોકોની માસિક આવક 15000 થી 25000 છે તેવા લોકો આ યોજનાનો સૌથી વધુ લાભ લેતા હોય તેવું જાણવા મળ્યું છે, જેનું ટકાવારી પ્રમાણ 36.33 % છે. જ્યારે 35000  કરતાં વધુ માસિક આવક ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા સૌથી ઓછી જોવા મળી છે, જે ટકાવારી પ્રમાણમા 15.67 % છે.

ઉજ્જવલા યોજનાનો લાભ લેનાર ઉત્તરદાતાઓમાં 5000 થી 7000 જેટલું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા સૌથી વધુ જોવા મળી છે, જે ટકાવારી પ્રમાણ 39.67 % છે. જ્યારે 10,000 થી વધુ રૂપિયાનું જેટલું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા સૌથી ઓછી જોવા મળી છે જે ટકાવારીમાં 11.33 % છે. આ યોજનાનો લાભ ગરીબ લોકો વધુ લેતા હોય તેવું કહી શકાય છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

સખી વન સ્ટોપ યોજનાનો લાભ જે લોકોની માસિક આવક 15000 થી 25000 કરતાં ઓછી છે તેવા લોકો આ યોજનાનો સૌથી વધુ લાભ લેતા હોય તેવું જાણવા મળ્યું છે, જેનું ટકાવારી પ્રમાણ 39.67% છે. જ્યારે 25,000 થી 35,000 જેટલી માસિક આવક ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા સૌથી ઓછી જોવા મળી છે, જે ટકાવારી પ્રમાણમા 16.33 % છે.

સખી વન સ્ટોપ યોજનાનો લાભ લેનાર ઉત્તરદાતાઓમાં 5000 થી 7000 જેટલું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા સૌથી વધુ જોવા મળી છે, જે ટકાવારી પ્રમાણ 38 % છે. જ્યારે 10,000 થી વધુ રૂપિયાનું માસિક ખર્ચ ધરાવતા હોય તેવા ઉત્તરદાતાઓની સંખ્યા સૌથી ઓછી જોવા મળી છે જે ટકાવારીમાં 17.67 % છે. આ યોજનાનો લાભ ગરીબ લોકો વધુ લેતા હોય તેવું કહી શકાય છે.

**ઉપસંહાર:**

આ સંશોધન અભ્યાસમાં સરકારની વિવિધ યોજનાઓમાંથી ઉજ્જવલા યોજના અનેં સખી વન સ્ટોપ યોજનાના લાભાર્થીના આવક અને ખર્ચ અંગે માહિતી મેળવીને તેની વિગતે અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસના આધારે અનેક તારણો પણ તરવામાં આવ્યા છે જે ભવિષ્યમાં અનેક રીતે ઉપયોગી બની રહે છે.